## કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ

*** 15/3/455: શ્રી અમીત ચાવડા (આંકલાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.30/03/૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૩૮૦૧૩ (અગ્રતા-૯૭)ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં માંડવી-ગુંદીયાળી ખાતે દરિયાકાંઠાના વિસ્તારોમાં દરીયાનું ખારૂ પાણી મીઠું બનાવી પીવાનું પાણી પુરૂ પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થનાર હતું, તે કામગીરી તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ કચ્છ ડીસેલીનેશન પ્લાન્ટ પ્રોજેક્ટની કામગીરી નીચેની વિગતે છે.<br>• સંબંધિત એસ.પી.વી. દ્વારા જરૂરી પર્યાવરણીય મંજુરીઓ મેળવવામાં આવેલ છે.<br>• નાણાંકીય વ્યવસ્થાપન પુર્ણ કરવામાં આવેલ છે.<br>• ભૌતિક કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે, | (૨) ઉક્ત કામગીરી મે. શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વી. દ્વારા નાણાંકીય વ્યવસ્થાપન પુર્ણ થયેથી બે વર્ષમાં તમામ કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવા સોંપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી પાછળ રાજય સરકારે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કર્યો, અને | (૩) શૂન્ય. |
| (૪) ઉક્ત કામગીરી ઉક્ત એજન્સી દ્વારા સમયસર કરેલ ન હોય તો કયારે શા પગલાં લીધા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

**ગૃહમાં જવાબ આપવાની તારીખ ૧૪-૦૯-૨૦૨૩**

ક્રમાંક:-વસપ/૧૦૨૦૨૩/તા.પ્ર.૩૪/ખ-૪
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને ક. વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૯/૨૦૨૩

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફથી તેઓશ્રીના તારીખ:-૨૩-૦૮-૨૦૨૩ ના ક્રમાંક:પ્ર-૨/૧૦૦૮૭ના અનુસંધાને વધારાની ત્રણ નકલ સહિત.

(ધરા વ્યાસ)
મુખ્ય ઈજનેર અને અધિક સચિવ
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ

<u>નકલ સવિનય રવાના</u>

૧. માન. મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૨. માન. રા.ક.મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. સેકશન અધિકારીશ્રી, લ-શાખા, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ (GWIL), ગાંધીનગર.

૫. સિલેક્ટ ફાઈલ